સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંક-અપગ/૧૦/૨૦૨૦/૩૧૫૪૭૪/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૯/૦૭/૨૦૨૧.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની સી.એ.નં. ૧/૨૦૨૧ ઈને એમ.સી.એ.નં. ૪૫૦/૨૦૧૯ ઈન એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮ નો તા.૨૬/૦૨/૨૦૨૧ નો ઓરલ ઓર્ડર.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪ નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૧૫/૦૩/૨૦૨૧ નો પત્ર જા.નં.સસુખા/કોર્ટ કેસ/અપગ/૨૦૨૦-૨૧/૬૮૦.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૦૭/૦૬/૨૦૨૧ નો પત્ર જા.નં.અપગ/૨૧-૨૨/૨૬૬.

ઠરાવ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) ઉપરની પીટીશનના નામ. હાઈકોર્ટના તા.૨૬/૦૨/૨૦૨૧ ના ઓરલ ઓર્ડર અન્વયે વંચાણે લીધેલ ક્રમ (૩) અને (૪) ઉપરની નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના ઓડિયોલોજીસ્ટ, મોબીલીટી ઈન્સટ્રક્ટર, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, ફિઝીયોથેરાપીસ્ટ અને નર્સ સંવર્ગના કર્મચારીઓને શૈક્ષણિક કર્મચારી ગણી, તેઓને નાણા વિભાગના વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૨) મુજબ તેમજ નાણા વિભાગના વખતોવખત થયેલા ઠરાવોમાં સામેલ અનુસૂચિ મુજબ

[પાછળ]

શૈક્ષણિક સ્ટાફની જેમ તેઓના સંવર્ગમાં ૯, ૨૦ અને ૩૧ વર્ષ પૂર્ણ કરે ત્યારે પ્રથમ, દ્વિતીય અને તૃત્તિય ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ આપવા બાબતે આથી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત કર્મચારીઓ ઉચ્ચત્તર પગાર ધોરણની અન્ય તમામ શરતો સંતોષે છે કે કેમ તે અંગેની ચકાસણી કરવાની રહેશે.

નાણા વિભાગ દ્વારા અપાયેલ શરતી મંજૂરી અનુસાર નામ. હાઈકોર્ટ ખાતે થયેલ કેસોના પીટીશનરો પુરતું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે.

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૦/૦૭/૨૦૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પ્રમેશ ગામેતી )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( નિયામકશ્રી, સમાજ સુરક્ષા મારફત)
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.
- શાખા સિલેક્ટ ફાઇલ.